# અક્રમ યુથ

ઓગસ્ટ ૨૦૨૦ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ 20

મને જગત કલ્યાણ કરવાનું
નિમિત્ત બનવાની શક્તિ આપો.





The power of 9

series 9

# અનુક્રમણિકા


04 જ્ઞાની વિથ યુથ

08 સમાજ કલ્યાણ

12 દાદાશ્રીના પુસ્તકની ઝલક

14 જ્ઞાની આશ્ચર્યની પ્રતિમા

16 અક્રમ પીડિયા

18 અનુભવ

20 નવમી કલમ બોલવાના ફાયદા

21 #કવિતા

22 યુથનું ‘જગત કલ્યાણ’માં યોગદાન





વર્ષ: ૮, અંક : ૪
સળંગ અંક : ૮૮
ઓગસ્ટ ૨૦૨૦



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી -** ડિમ્પલ મહેતા

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gndhinagar

**Printed at : Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page


## Subscription

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn in favour of "Mahavideh Foundation" payable at Ahmedabad.


© 2020, Dada Bhagwan Foundation.

All Rights Reserved



# સંપાદકીય

પ્રિય મિત્રો,

અક્રમ યુથની 'નવ કલમો' શ્રેણીનો આ છેલ્લો અંક છે. ગત આઠ અંકોમાં આપણે વિવિધ પ્રાકૃતિક કચાશો ઓળખી અને તેમાંથી બહાર નીકળવા કાજે પરમ પૂજ્ય દાદા ભગવાન પાસે શક્તિઓ માંગી હતી. નવમી કલમ ઉપરનો, આ અંક જગત કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવના પર આધારિત છે. જગત કલ્યાણના ભેખધારીના જીવંત ઉદાહરણ તરીકે આપણે પરમ પૂજ્ય દાદા ભગવાન, વાત્સલ્યમૂર્તિ નીરુમા અને પૂજ્યશ્રી દીપકભાઈને પોતાની જાતની કે સુખ-સગવડની પરવા કર્યા વગર જગતના લોકો કેમ કરીને દુઃખોમાંથી મુક્ત થાય, કેમ કરીને તેમના જીવનમાં સુખ-શાંતિ અનુભવે અને સાથે તેમનું આત્યંતિક કલ્યાણ થાય તેના જ પ્રયાસમાં દિવસ-રાત કાર્યરત જોયા છે. તેમના જીવનમાંથી પ્રેરણા લઈ તમારામાંથી પણ ઘણાને જગત કલ્યાણ કરવાના ભાવ થતા હશે, ખરું ને ? તો ચાલો, ખરા અર્થમાં જગત કલ્યાણ કોને કહેવાય, તે કેવી રીતે થઈ શકે, કોણ જગત કલ્યાણ કરી શકે ? આવા અનેક પ્રશ્નોના સચોટ ઉત્તર મેળવવા આ અંક વાંચીએ અને આપણે પણ જગત કલ્યાણનું નિમિત્ત બની શકીએ એવી દ્રઢ ભાવના ભાવીએ અને દાદા પાસે શક્તિ માંગીએ...

આ નવ અંકોમાં આવરી લેવાયેલી 'નવ કલમો'ની સમજણ અને આ કલમોનું નિયમિત પઠન તમને ક્લેશ રહિત, આનંદ-ઉલ્લાસભર્યું આદર્શ જીવન જીવવા માટેનો એક મોટો આધારસ્તંભ બની રહેશે એવા વિશ્વાસ સાથે...

- ડિમ્પલ મહેતા



# જ્ઞાની વિથ યુથ



## સમાજ કલ્યાણ

**પ્રશ્નકર્તા :** નવમી કલમમાં છે 'મને જગત કલ્યાણ કરવાની શક્તિ આપો'. જગત કલ્યાણ એટલે શું ? થોડુંક વિગતવાર સમજવું હતું. બહાર દુનિયામાં લોકો 'સોશિયલ સર્વિસ' કરતા હોય છે - ગરીબો માટે, 'હેન્ડીકેપ' (દિવ્યાંગ) માટે, બીજાને મદદ કરવા લોકો તન-મન-ધનથી હેલ્પ કરતા હોય છે. વાર-તહેવારે દાન આપે, ફ્રી સમયમાં બાળકોને ભણાવે, એમને જરૂરિયાતની વસ્તુઓ લાવી આપે, બીજાને હેલ્પ થાય એ રીતે પોતાની આવડત વાપરે અને આવું ઘણું બધું લોકો કરતા હોય છે. એ સેવામાં અને જગત કલ્યાણમાં શું ફેર ?

**પૂજ્યશ્રી :** એ સમાજસેવા કહેવાય, સમાજ કલ્યાણ કહેવાય. જગત કલ્યાણ તો કંઇક જુદુ જ છે.

# જગત કલ્યાણ

આત્મા, તમામ કષાયો અને રાગ-દ્વેષના બંધનથી છૂટે, એ આત્યંતિક કલ્યાણ કહેવાય. દાદા જ્ઞાન આપે અને આત્મજ્ઞાન લીધા પછી, પાંચ આજ્ઞા પાળીને કર્મોથી છૂટતા જઈએ છીએ અને એથી કાયમનો મોક્ષ થશે, એ આત્યંતિક કલ્યાણ અને એ છેલ્લામાં છેલ્લું કલ્યાણનું સ્વરૂપ કહેવાય. આપણી ભાવના છે કે ''જગતનું કલ્યાણ હો. હે દાદા ભગવાન ! જગતનું કલ્યાણ કરો અને કલ્યાણ કરવાનું નિમિત્ત બનવાની અમને શક્તિ આપો.'' એ નિમિત્ત બનવાનો ભાવ છે આપણો, અને કુદરત નિમિત્ત ક્યારે બનાવશે ? આપણા ડિસ્ચાર્જ ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ, વિષયના કચરા, લાલચ, ઈચ્છાઓ, મોહ બધા ખલાસ થશે, ત્યારે કુદરત જ તમને ઊંચકીને નિમિત્ત બનાવશે. આપણી ભાવનામાં 100% છે કે ''જગતનું કલ્યાણ થાઓ, કોઈના પણ નિમિત્તે થાવ પણ કલ્યાણ થાઓ.'' અને કલ્યાણમાં આપણે કષાયરૂપી કચરા, સેવા કરતાં કરતાં ઉભા થયેલા કષાયો, જ્ઞાને કરીને ચોખ્ખા કરીએ છીએ.





# આત્મ કલ્યાણ

**પ્રશ્નકર્તા :** 'જૈનીઝમ'નો જે આખો માર્ગ છે, એ પણ એવું માને છે કે આના કારણે આત્મા સુધી પહોંચાશે. તો એ પણ જગત કલ્યાણ કહેવાય? અક્રમ માર્ગ અને 'જૈનીઝમ' બેઉ જગત કલ્યાણ કહેવાય ?

**પૂજ્યશ્રી :** ના. 'જૈનીઝમ' એ આત્મ કલ્યાણ કહેવાય. જગત કલ્યાણ તો પછી આવે છે, પહેલાં આત્મ કલ્યાણ કરે છે કે હું આ ત્યાગનો રસ્તો લઈશ તો મારું આત્મ કલ્યાણ થશે. ક્રમિક માર્ગમાં એવું છે કે પરિગ્રહ છોડતા જાય તો 100% પરિગ્રહમાંથી 2% છૂટ્યો, 2% તો ઉપર આવ્યો ! 10% છૂટ્યો એટલે 10% ઉપર આવ્યો. એ બધેથી છૂટતો-છૂટતો બધાથી ચોખ્ખો થયો. પહેલાં સ્થૂળ પરિગ્રહ છૂટે, પછી મમતા છૂટે, પછી અહંકાર છૂટે, ક્રોધ-માન-માયા-લોભ છૂટે, પછી મૂળ આત્મા સુધી પહોંચે એ ક્રમિકમાર્ગનો રસ્તો બરોબર છે. અક્રમ માર્ગમાં શું છે કે પહેલાં અહંકારનો ત્યાગ કરાવી દીધો, સ્વરૂપનું ગ્રહણ કરાવી દીધું. નવો ગ્રહણ-ત્યાગનો કડાકૂટો મટી ગયો. હવે ડીસ્ચાર્જ અહંકાર, મમતા, ક્રોધ-માન-માયા-લોભ અને સ્થૂળ પરિગ્રહ એ ફાઈલનો નિકાલ કરવાનો રહ્યો. સમભાવે નિકાલ કરો એટલે આપણને આત્માની અનુભવ-લક્ષ-પ્રતીતિ શરૂ થઈ, આ ભરેલો માલ નિકાલ કરવાનો રહ્યો.

ક્રમિક માર્ગમાં આખી દુકાન ખાલી કરતાં જાવ અને જ્યારે છેલ્લે દુકાન ખાલી થશે, ત્યારે ભાન થશે કે 'હું આત્મા છું.' જ્યારે અક્રમ માર્ગમાં આપણને (મહાત્માઓને) 'હું આત્મા છું' એ ભાન થઈ ગયું. હવે દુકાનના ભરેલા માલનો નિકાલ કરો. સમજાયું ને ? એટલે રીત બેની બદલાય છે, છેવટે તો બન્નેયને પ્રાપ્ત એક જ કરવો છે, 'આત્મ સાક્ષાત્કાર'.

'જૈનીઝમ' આત્મ કલ્યાણ કહેવાય અને અક્રમ માર્ગમાં પહેલાં પોતાનું આત્મ કલ્યાણ થાય અને પછી અન્ય લોકોને જ્ઞાનનો માર્ગ બતાવે કે 'હેંડો, આ રસ્તે મોક્ષ થશે.' એટલે એ કહેવાય 'જગત કલ્યાણ'.

The power of 9 series 9

# CONTEST TIME!

## Exciting Prizes

**9 AKRAM YOUTH**

**9 KALAM**

**15 QUESTIONS FOR EVERY MONTH**

## TODAY'S YOUTH APP

**The Official App of Dada Bhagwan Youth Group**

for visiting **youth.dadabhagwan.org**
for downloading Free PDF of **Akram Youth magazine**
for **Subscribing** to Akram Youth Magazine
to play **The Power of 9 QUIZ** and much more...

ANDROID APP ON Google play

Download on the App Store

Scan here to Download App

Last date to submit answers: **1st Oct. 2020.**
**Winners will be announced in October issue.**



# સમાજ કલ્યાણ

ઘણાં લોકો સમાજ સેવાની સંસ્થાઓ સાથે જોડાઈને, જ્યારે ઘણાં લોકો પોતાની મેળે પોતાનાથી બનતો ફાળો આપીને સમાજની સેવા માટે કાર્યરત હોય છે. ચાલો, આપણે જોઈએ કે લોકો સમાજ કલ્યાણ કેવી રીતે કરે છે ?



**વ્યસનમુક્તિના** કેમ્પ કરીને.

પછાત વિસ્તારના બાળકોને **શિક્ષણ આપીને.**





**સ્ત્રીઓને શિક્ષણ** અને **આત્મનિર્ભર** બનવામાં મદદરૂપ થઈને.

**કુદરતી આફતોમાં** સપડાયેલા લોકોની મદદ કરીને.



સમાજ કલ્યાણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ સાલ ૨૦૨૦માં જોવા મળ્યું, જ્યારે આખા વિશ્વમાં 'કોરોના વાયરસ'નો કેર વર્તાવાની શરૂઆતથઈ ત્યારે ડાક્ટરો, પોલીસ અને જનતાએ જે રીતે પોતાનાથી બનતા પ્રયત્નો કરીને, માત્ર પોતાનું જ ન વિચારતા સમાજને તૂટતા બચાવ્યો છે તે ખરેખર પ્રશંસનીય છે !

ચાલો, આપણે જોઈએ તેની એક ઝલક....



**ડૉક્ટર્સ :** 'હાઈ રીસ્ક' સાથે, પોતાના પરિવારથી મહિનાઓ દૂર રહીને દર્દીઓની સેવા કરી રહ્યા છે.



**પોલીસ :** દોષોના ટોપલા અને પથ્થરનો માર વેઠીને પણ ઉનાળાની કાળઝાળ ગરમીમાં રોડ ઉપર ઉભા રહીને કરાવ્યું નિયમોનું પાલન..

**લોકો :** સરકારના નિયમો પાળીને માત્ર પોતાનું ન વિચારતા દૂર રહીને પણ કરી બીજાઓની મદદ.






**બાળકો :** ઘણાં બાળકોએ પોતાની બચત સેવા માટે આપીને, જ્યારે ઘણાં બાળકોએ ઘરકામમાં મદદ કરીને પણ આપ્યો પોતાનો ફાળો..

# દાદાશ્રીના પુસ્તકની ઝલક



## કલ્યાણના ભેખીને ના આંતરે કોઈ

**જેણે જગત કલ્યાણના નિમિત્ત બનવાનો ભેખ લીધો છે, એને જગતમાં કોણ આંતરી શકે ? કોઈ શક્તિ નથી કે એને આંતરી શકે. આખા બ્રહ્માંડના સર્વ દેવલોકો એની પર ફૂલ વરસાવી રહ્યા છે.**

આપણે સમાજ કલ્યાણ વિષે તો જાણ્યું ચાલો, આપણે જોઈએ કે દાદાશ્રી જગત કલ્યાણ વિષે આપણને શું કહે છે ?


આત્મા પ્રાપ્ત કરવા માટે જે કરવામાં આવે છે તે 'પ્રોડક્શન' છે અને તેને લીધે સંસારમાં બધી જરૂરિયાત પ્રાપ્ત થાય છે તે 'બાય પ્રોડક્ટ' છે. હું મારું એક જ જાતનું 'પ્રોડક્શન' રાખું છું ''જગત પરમ શાંતિને પામો અને કેટલાંક મોક્ષને પામો.'' મારું આ 'પ્રોડક્શન' અને એનું 'બાય પ્રોડક્શન' મને મળ્યા જ કરે છે. આ ચા-પાણી અમને તમારા કરતાં જુદી જાતના આવે છે, એનું શું કારણ કે

તમારા કરતાં મારું 'પ્રોડક્શન' ઊંચી જાતનું છે. એવું તમારું 'પ્રોડક્શન' ઊંચી જાતનું હોય તો 'બાય પ્રોડક્શન' પણ ઊંચી જાતનું આવે ! દરેક કામનો હેતુ હોય, જો સેવાભાવનો હેતુ હશે તો લક્ષ્મી 'બાય પ્રોડક્ટ'માં મળે જ.

એટલે એ એક ધ્યેય નક્કી કરો ને ! જ્યારથી આ નક્કી કરો ત્યારથી જ આ શરીરની જરૂરિયાતની ચિંતા કરવાની રહેતી નથી. જ્યાં સુધી સંસારી ભાવ છે, ત્યાં સુધી જરૂરિયાતની ચિંતા કરવી પડે. જુઓ ને, આ 'દાદા'ને કેવી જાહોજલાલી છે ! આ એક જ પ્રકારની ઇચ્છા રહે તો પછી એનો ઉકેલ આવી ગયો અને દેવસત્તા એમની જોડે છે. આ દેવો તો સત્તાધીશ છે, એ નિરંતર હેલ્પ આપે એવી એમને સત્તા છે. જે જગત કલ્યાણ માટે જીવી રહ્યા છે, તેમને બધા જ દેવોનું સંપૂર્ણ રક્ષણ છે. આવા એક જ ધ્યેયવાળા પાંચની જ જરૂર ! બીજો કોઈ ધ્યેય નહીં, અદબદવાળો નહીં ! અડચણમાં એક જ ધ્યેય ને ઊંઘમાં પણ એક જ ધ્યેય !

જગત કલ્યાણનો ધ્યેય તો શું પણ 'જગત કલ્યાણ' શબ્દ બોલશે તેનેય અમારા નમસ્કાર છે !






## અભ્યુદય-આનુષંગિક ફળની પ્રાપ્તિ

**દાદાશ્રી :** 'જગતનું કલ્યાણ થાવ' એ ભાવના કેવી હોય ? લોક જાણે કે કો'કના માટે ભાવી, પણ એ જ પોતાની ભાવના કહેવાય. આ ભાવના પહેલું પોતાનું હિત કરે. અભ્યુદય અને આનુષંગિક બેઉ ફળ આપે. ફળ આપણે ભલે ને, શબ્દથી ના સમજીએ પણ મળે તો ખરા જ ને ? જગત કલ્યાણ કરનારને ઘેર તો કોઈ દિવસ દુઃખ હોય જ નહીં !

**પ્રશ્નકર્તા :** અભ્યુદય અને આનુષંગિક ફળ એટલે શું ?

**દાદાશ્રી :** 'અભ્યુદય' એટલે સંસારનો અભ્યુદય થતો જાય, સંસારફળ મળે અને બીજું 'આનુષંગિક' એટલે મોક્ષફળ મળે ! બંને ફળ સાથે મળે.



# જ્ઞાની

# આશ્ચર્યની પ્રતિમા

એક વખત પૂજ્યશ્રી દીપકભાઈ જમતાં હતા, ત્યારે હું ત્યાં હાજર હતો. એમની પ્લેટમાં પીરસતી વખતે આપ્તપુત્રીબેને એક ભજીયું મૂક્યું અને પૂજ્યશ્રીએ એ ભજીયું ફટાફટ ખાઈ લીધું. એમને ભાવ્યું હશે, એમ સમજીને આપ્તપુત્રીબેન બીજુ ભજીયું પ્લેટમાં મૂકવા ગયા પણ એમણે એ ન લીધું અને મારી સામે જોઈને કહ્યું કે ''મારાથી એ ન ખવાય. જો હું ખાઉંને તો હું જગતને 'ઇનસિન્સિયર' થયો કહેવાઉં.''

મને ખૂબ આશ્ચર્ય થયું. પૂજ્યશ્રીએ વધુમાં આગળ કહ્યું કે ''કેટલા બધાં લોકો રોજ મારા દીર્ઘાયુષ્ય અને તંદુરસ્તી માટે પ્રાર્થના કરે છે ! અને જો હું મારા મોહ માટે એક એક્સ્ટ્રા ભજીયું ખાઈ લઉં અને એના કારણે મારી તબિયત બગડે, તો હું એ બધાં મહાત્માઓને 'ઇનસિન્સિયર' થયો કહેવાઉં કે નહીં?'' હું બોલવા જતો હતો ત્યાં જ, ત્યાં હાજર ડીમ્પલભાઈએ મને શાનમાં સમજાવતા કહ્યું કે ''બેસી જા... આ આપણા માટે નથી...'' અને હું સમજીને શાંતિથી બેસી ગયો.

બીજી બધી પરિસ્થિતિમાં તો બરાબર, પણ જમતી વખતે પણ કોઈ બીજાનો વિચાર કરી શકે, એ મેં પહેલી વાર જ જોયું ! એ ઘડીએ મને ખરેખર 'જગત કલ્યાણ' શબ્દનો અર્થ સમજાયો...હંમેશા માત્ર બીજાના કલ્યાણ માટે વિચારવું એ જ 'જગત કલ્યાણ' !!

- આપ્તસંકુલ ભાઈ


# અક્રમ પીડિયા



**નામ :** આયુષ મહેતા
**ઉંમર :** ૨૦ વર્ષ

હાય ફ્રેન્ડ્સ,

તમે કેમ છો ? હું શરીરથી તો સ્વસ્થ છું પણ મનથી અસ્વસ્થ છું. અરે ! જ્યારથી પૂજ્યશ્રી જમતી વખતે પણ જગત કલ્યાણ માટે વિચારે છે એ વિષે સાંભળ્યું, ત્યારથી મને એવું થાય છે કે હું કેવી રીતે જગત કલ્યાણ કરી શકું ? પૂજ્યશ્રીની તો વાત જ અલગ છે. એ ક્યાં અને હું ક્યાં ? પણ શું કરું ? કોને પુછું ? શું તમને પણ એવું જ થાય છે ? શું કરીશું ? ચાલો, આમાં આપણે 'ગૂગલ મહારાજ'ની મદદ લઈ જોઈએ. હું 'સર્ચબાર'માં ટાઈપ કરું છું, 'જગત કલ્યાણ કરવું છે.' અરે વાહ ફ્રેન્ડ્સ, મને એક વિડિયો મળ્યો. 'વેઈટ' હું તમારી સાથે 'શેર' કરું....


Google
જગત કલ્યાણ કરવું છે.
All  Maps  Videos  Images  News  More  Settings  Tools

About 44,400 results (0.28 seconds)

download.dadabhagwan.org › July_17 ▾ Translate this page
દાદાવાણી જુલાઈ 2017 - Dada Bhagwan Foundation
પોતાનું **કલ્યાણ** થાય પછી જ ખરી **જગત કલ્યાણની** ભાવના મહીં થાય **છે** અને પોતાના **કલ્યાણની** શરૂઆત તો આ જ્ઞાન ... અને **જગત કલ્યાણ કરવું** એ તો સૂક્ષ્મ ભાષા, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ભાષા **છે** !

download.dadabhagwan.org › html ▾ Translate this page
દાદાવાણી ડીસેમ્બર 1999
**જગત કલ્યાણ** એને માટે કંઈ ક્રિયા **કરવાની** નથી, એ તો ફક્ત ભાવના જ ભાવવાની **છે**. એ ભાવના એટલી બધી ... પ્રશ્નકર્તા : સમાજ **કલ્યાણ કરવા** કરતાં આત્મ **કલ્યાણ** જ શ્રેષ્ઠ **છે**. દાદાશ્રી : બરોબર **છે**.



**પ્રશ્નકર્તા : ૧)** જગત કલ્યાણ મારે કરવું છે. **૨)** દાદાનું કામ મારે કરવું છે. **3)** મહાત્માઓને તકલીફ ન થાય, એનું મારે ધ્યાન રાખવું છે. આ ત્રણેય એક જ છે ?


**પૂજ્યશ્રી :** મારે જગત કલ્યાણ કરવું છે અને હું જગત કલ્યાણ માટે પેલાને ઘરે સત્સંગ કરવા જવાનો છું, એવા શબ્દો બોલવા જરાક ભારે લાગે. 'દાદાનું કામ કરવું છે' એવો ભાવ રાખવાનો, મને કુદરતી રીતે એવું રહેતું કે 'દાદાનું જે કામ મળશે તે કરીશ અને મહાત્માઓની સેવા કરીશ.' મહાત્માઓને તકલીફ ન પડે, એટલે સેવા આવી જ ગઈ એમાં !

'જગત કલ્યાણ' શબ્દ જરાક મનેય અઘરો લાગતો હતો, 'જગત કલ્યાણ' તો દાદા જ કરે ! પછી દાદાના હજારો કામ છે, એમાંથી એક કામમાં હું મારા મન-વચન-કાયા જોઈન્ટ કરી સેવા કરીશ, એટલી મારી સમજણ હતી. આવડા મોટા હજારો થાંભલામાંથી, એક થાંભલામાં એક ખુંટી તરીકે મારે સેવા આપવી છે, એટલી જ ભાવના હતી. બાકી 'આખો તંબુ ઉભો કરવો એનું નામ જગત કલ્યાણ' એવી મારી સમજણ હતી. એમાં એક ટેકો આપી શકીશ, તો મારું જીવન ધન્ય માનીશ.

**પૂજ્યશ્રી :** હું નાનો હતો, ત્યારે સત્સંગમાં દાદા-નીરુમાના ઘરે આવતો. ફૂલો લાવી આપું, સાફસુફી કરી આપું, ચટાઈ પાથરી આપું વિગેરે જેવું નાનું મોટું માસીબાનું કામ કરી આપતો અને માસીબા નીરુમાનું કામ કરે, નીરુમા દાદાનું કામ કરે, દાદા 'જગત આખાના કલ્યાણ'નું કામ કરે. પણ હું નાનો હતો, એટલે ત્યારે જેટલું થાય એટલું કરતો અને સમજતો કે 'આપણે દાદા ભગવાન જગત કલ્યાણ કરે એમાં ટેકો આપ્યો.'

## આ વિડિયો જોયા પછી મને તો ખ્યાલ આવી ગયો કે હવે મારે શું કરવાનું છે....... અને તમને ?

# અનુભવ



હું કૉલેજના 'ફર્સ્ટ યર'માં હતો, ત્યારે ATPLમાં શિફ્ટ થયો હતો. સેવા માટેનું ફોર્મ ભર્યું હતું, કૉલેજમાં ભણવા સાથે નાની-મોટી સેવા પ્રવૃત્તિઓમાં પણ જોડાયેલો. એવામાં નીરવભાઈને મળીને યુવા કેમ્પમાં જોડાયો. મને શરૂઆતમાં બહુ ખબર પડતી ન હતી પણ જેમણે અગાઉ કેમ્પસ 'ઓર્ગનાઈઝ' કરેલા એવા બીજા YMHT ભાઈઓના 'ગાઈડન્સ અને હેલ્પ'થી મને 'કોન્ફિડન્સ' આવવા લાગ્યો. અલગ-અલગ સેશન ડીઝાઈન કરવા, આપ્તપુત્રો સાથે મીટિંગ કરવી, સમરકેમ્પ માટે અલગ અલગ સેન્ટર્સમાં જવાનું અને ત્યાંના કૉ-ઓર્ડીનેટર્સને

મળવાનું, નવું-નવું જાણવા અને શીખવાની મને મજા આવવા લાગી.

સેકન્ડ યર થી મને કૉલેજમાંથી વધુ ફ્રી ટાઈમ મળવા લાગ્યો, એટલે હું વધારે સેવામાં જોડાતો ગયો. એ સમયે મારા કૉલેજના ફ્રેન્ડ્સને જોઉં તો એ લોકો પાસે પણ મારી જેમ ઘણો 'ફ્રી ટાઈમ' હતો પણ 'કરવું શું ?' એ ક્લિઅર ન હોવાના કારણે તેમના 'સિડયુલ'માં સવારે મોડા ઉઠવાનું, ચા-નાસ્તો કરીને ન્હાવાનું, ટાઈમપાસ કરવા ફ્રેન્ડસને ફોન કરવા અથવા ગેમ્સ રમવાની. બપોરે જમીને પાછી ઊંઘ ખેંચીને પછી સાંજે પિક્ચર જોવા જવાનું અથવા મિત્રો સાથે રાત્રે મોડે સુધી ગપ્પા મારવાના અને દિવસો 'વેસ્ટ' કરવાના !!

જ્યારે મારી પાસે તો 'વેસ્ટ' કરવા માટે સમય હોય જ નહીં ! સેવામાંથી ફ્રી જ ન પડું ને ! સેવામાં અમારું સરખા વિચારોવાળાઓનું એક ગ્રુપ થઈ ગયું હતું. અમે 'નવું શું કરવું?' એ ઉપર 'રિસર્ચ' કરીએ અને નવા નવા કોન્સેપ્ટ સાથે કેમ્પસ, ઈવેન્ટ્સ, મેગેઝિન્સ, સેશન્સ વિગેરે ડીઝાઈન કરીએ અને જ્યાં અટકીએ ત્યાં નીરવભાઈ, વિરલભાઈ અને બીજા ભાઈઓનું ગાઈડન્સ લઈએ. ભૂલ થઈ જાય તો પણ એ લોકો જે રીતે પ્રેમથી ડીલ કરે, એ જોઈ-જોઈને વ્યક્તિઓ સાથે ડીલ કરતાં પણ ફાવવા લાગ્યું અને આ રીતે 'પર્સનાલિટી ડેવલપ' થવાના લીધે 'કોન્ફિડન્સ' વધતો ગયો.

બે વર્ષ પહેલાનો 'હું' અને અત્યારનો 'હું' ઘણાં અલગ છીએ. મોટા ભાગનાં યુવાનોના જીવનમાં ખરેખર શીખવાનો જે 'ફેઝ' હોય છે તેને બગાડી બેસે છે કારણ કે એમની પાસે દિશા નથી હોતી, 'પ્લેટફોર્મ' નથી હોતું અને માર્ગદર્શન આપનાર પણ નથી હોતા કે જે એમનું ઘડતર કરવામાં મદદ કરે.

**હું આ બધું કરી શક્યો કેમ કે નવ-કલમોમાંની નવમી કલમ ''જગત કલ્યાણની ભાવના'' મને સતત રહેતી અને એ ભાવનાના લીધે મને એવાં સાનુકુળ સંજોગો ભેગા થતાં ગયા કે જેથી મારે ATPL શિફ્ટ થવાનું ગોઠવાયું, સેવાનું ફોર્મ ભરવાનો વિચાર આવ્યો, કૉલેજમાંથી સમય મળવા લાગ્યો, નીરવભાઈ સાથે ભેટો થયો, બધાંનો સાથ-સહકાર મળ્યો.... આમ દરેક સંજોગ માત્ર આ ''જગત કલ્યાણની ભાવના''ના લીધે જ ભેગો થતો ગયો અને મારું અંદર - બહારથી ઘડતર થતું ગયું.**


- પાર્થ બોરડ (સીમંધર સીટી)

# નવમી કલમ બોલવાના ફાયદા

આપણે સહુએ દાદાશ્રીની નવ કલમો અને તેની મહત્વતા વિષે જાણ્યું. જેમ બીજ રોપ્યા પછી ફળ આવે એ માટે આપણે ખાતર નાખીએ બસ, એ રીતે આ નવ કલમો ખાલી બોલવાની જ છે, ભાવના જ ભાવવાની છે. આપણાથી આ કલમો જેટલી પળાય એટલી પાળવાની પણ જો ન પળાય તો એનો ખેદ રાખવાનો નથી. માત્ર એ પાળવા માટેની શક્તિ માંગ્યા કરવાની. અંદર શક્તિ ભેગી થશે એટલે એની જાતે પળાશે.

પણ હા, આ નવ કલમો કેવી રીતે બોલવાની એ જાણવું ખૂબ જરૂરી છે. દાદાશ્રી કહે છે કે ''નવ કલમો બોલતી વખતે તેનો શબ્દે શબ્દ દેખાવો જોઈએ. જાણે આપણે વાંચતા હોઈએ એમ દેખાય, ત્યારે સમજવું કે આપણે બીજી જગ્યાએ ગૂંથાયેલા નથી. ભાવના ભાવતી વખતે આપણે બીજી જગ્યાએ ન હોવા જોઈએ. મન-વચન-કાયાની એકતાથી બોલીએ, આ ભાવના ભાવીશું તો દુનિયામાં કોઈની જોડે વેર નહિ રહે. આ નવ કલમો બધાં શાસ્ત્રોનો સાર છે.''

તો ચાલો, આ નવ કલમોરૂપી જગત કલ્યાણ તથા આત્મ કલ્યાણની ભાવનાને ભાવીએ અને વેરના તમામ બંધનોને તોડી 'સર્વ જીવ મિત્ર'ની ધજા ફરકાવીએ.



# #કવિતા

એકમાત્ર ભાવ છે જેમનો, જગત વાત વિતરાગોની પામે,
સમજણ મેળવી અંતિમ, પહોંચી શકે છેક મોક્ષધામે !

જેમના મન-વચન-કાયા, કણ-કણ કલ્યાણ માટે વપરાય છે,
જેમના જીવનની ક્ષણ-ક્ષણ, પળ-પળ, પારકા માટે જાય છે !

મદદ, સેવા, પરોપકારથી ઉપરનું, કલ્યાણ આ અંતિમ છે,
દેવોને પણ દુર્લભ જે, તીર્થંકર સુધીનું પ્રયાણ આ અંતિમ છે !


એમના કામમાં સેવાના ધામમાં, થોડોઘણો હું પણ કામ આવું,
પુષ્પ આખુંય નહીં તો, છેવટે એક પાંખડી બની અર્પણ થાઉં.

એમની ઈચ્છા સંતોષવાનો ધ્યેય, રહે નિત્ય અને ભાવ નિમિત્ત હો,
મોહ-માન ખપે નહીં, જ્ઞાનીઓના રાજીપામાં જ સુખ સિમિત હો.

દાદાના યુવાનો દ્વારા

અભ્યાસ અને અન્ય પ્રવૃત્તિઓમાંથી સમય કાઢીને

# યુથનું જગત કલ્યાણમાં યોગદાન



'અક્રમ યુથ મેગેઝિન' બનાવવા માટે ફાળો આપે છે.

વિવિધ યુથ શિબિર તથા કેમ્પ માટેના સેશન્સ પીરસવાની, લાઈન મેનેજમેન્ટ ની સેવા વિગેરેમાં સક્રિય રહે છે.





વિવિધ કાર્યક્રમોમાં ડ્રામા, ડાન્સ, કલ્ચરલ પ્રોગ્રામમાં અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લે છે.





‘**કોરોના સંક્રમણ**’ના સમયમાં દવા અને જીવનજરૂરી ચીજવસ્તુઓ મહાત્માઓના ઘરે-ઘરે પહોંચાડવી તથા સંક્રમિત વિસ્તારના લોકો માટે દરરોજના હજારેક જેટલા ફૂડ-પેકેટ્સ બનાવીને AMCમાં પહોંચાડવામાં મોટો ફાળો આપ્યો છે.









વર્ષ: ૮, અંક : ૪
સળંગ અંક : ૮૮
ઓગસ્ટ ૨૦૨૦

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month





હે દાદા ભગવાન ! મને જગત કલ્યાણ
કરવાનું નિમિત્ત બનવાની
પરમ શક્તિ આપો.

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.